# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

'જ્યોતિર્મય' પરિસર, સરખેજ-ગાંધીનગર હાઇવે,

છારોડી, અમદાવાદ - 382 481.

## FAQ (Frequently Asked Questions)

**વિભાગ નામ : સ્કૂલ ઓફ એજ્યુકેશન,ડીસ્ટન્સ એજ્યુકેશન એન્ડ એજ્યુકેશન ટેકનોલોજી. (SoE)**

| વિભાગ-1 બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રવેશ માટેના પ્રશ્નો | | |
|---|---|---|
| **ક્રમ** | **પ્રકાર** | **વિગત** |
| 1. | પ્રશ્ન -1 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમને કઈ કાઉન્સીલની માન્યતા મળેલી છે? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમને<br>NCTE (નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન,ન્યુ દિલ્હી ) કાઉન્સીલની માન્યતા મળેલી છે. |
| 2. | પ્રશ્ન- 2 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમને કઈ કાઉન્સીલની માન્યતાનો કોડ નંબર કયો છે? |
| | જવાબ | નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન,ન્યુ દિલ્હી .<br>કાઉન્સીલની માન્યતાનો કોડ નંબર No.WRC/5-6/98th/2007/Dt.)07/072007 છે. |
| 3. | પ્રશ્ન-3 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમને કેટલી બેઠકોની માન્યતા મળેલી છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમને 500+50 (EWS) બેઠકોની માન્યતા મળેલી છે. |
| 4. | પ્રશ્ન-4 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમના ગુજરાતમાં કુલ કેટલા અભ્યાસકેન્દ્રો છે ? ક્યાં-ક્યાં ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમના ગુજરાતમાં કુલ <u>દસ</u> અભ્યાસ કેન્દ્રોની યાદી નીચે મુજબ છે.<br>1. શ્રીમતી એમ.એન.કે. દલાલ કોલેજ ફોર વિમેન,અમદાવાદ.<br>2. શેઠ સી.એન.કોલેજ ઓફ એજ્યુકેશન,અમદાવાદ.<br>3. એસ.ડી.શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન,મુન્દ્રા.<br>4. એસ.આઈ.ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન,પેટલાદ.<br>5. દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિધાયાલય, અલીયાબાડા, જામનગર.<br>6. રેવાબા સાર્વજનિક અજ્યુકેશન કોલેજ, મહેસાણા.<br>7. એચ.એન.શુક્લા કોલેજ ઓફ એજ્યુકેશન,રાજકોટ.<br>8. વી .ટી .ચોકસી કોલેજ ઓફ એજ્યુકેશન,સુરત.<br>9. સી.એસ.શાહ મૈત્રી વિદ્યાપીઠ , સુરેન્દ્રનગર.<br>10. એલ.એન.કે કોલેજ ઓફ એજ્યુકેશન, પાટણ.(ઉ.ગુ) |
| 5. | પ્રશ્ન-5 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમનું ભાષાનું માધ્યમ કયું છે? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમનું ભાષાનું માધ્યમ ગુજરાતી છે. |
| 6. | પ્રશ્ન-6 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની કેટલી ક્રેડીટનો છે ? |

| | | |
|---|---|---|
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની ક્રેડીટ 72 છે |
| 7. | પ્રશ્ન-7 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની પ્રવેશ ફોર્મની ફી કેટલી છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની પ્રવેશ ફોર્મની ફી 700/- છે. |
| 8. | પ્રશ્ન-8 | બી.એડ્.(ODL)અભ્યાસક્રમની ફી કેટલી છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) સપૂર્ણ અભ્યાસક્રમની ફી વર્ષ - 2022 ઉમેદવાર દીઠ- 20,000/- છે . |
| 9. | પ્રશ્ન-9 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાની લાયકાત શું છે ? |
| | જવાબ | NCTE દ્વારા માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી ઔપચારીક PTC,D.ED.,D.EI.ED.,C.P.ED., B.P.ED., (Face to Face Mode) અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય In-Service Teachers તેવા (નોકરીમાં કાર્યરત શિક્ષકો) અરજી કરી શકશે અને ઉમેદવાર હાલ શિક્ષક તરીકે સરકાર માન્ય પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં (બી.એડ્. અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયાના સમય સુધી) લઘુત્તમ બે વર્ષની પૂર્ણ સમયની સવેતન સેવાઓ આપતા હોવા જોઈએ. તેમજ માન્ય યુનિવર્સિટીમાંથી સાયન્સ,કોમર્સ અને આર્ટ્સ વિદ્યાશાખામાં લઘુત્તમ 50% ગુણ અને ઈજનેરી/તકનીકી વિદ્યાશાખામાં મુખ્ય વિષય ગણિત, વિજ્ઞાન, વિષયમાં 55% ગુણ સાથે સ્નાતક/અનુસ્નાતક થયેલ હોવા જોઈએ. (SC/ST વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા 5% ગુણની છૂટછાટ) |
| 10. | પ્રશ્ન-10 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની સમય મર્યાદા કેટલી હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની સમય મર્યાદા લઘુત્તમ સમય મર્યાદા - બે વર્ષ અને ગુરૂત્તમ સમય મર્યાદા પાંચ વર્ષની હોય છે. |
| 11. | પ્રશ્ન-11 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં રી-એડમીશન થાય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં રી-એડમીશનની કોઈ જોગવાઈ નથી. |
| 12. | પ્રશ્ન-12 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની પ્રવેશના અનામતમાં ધોરણો ક્યાં છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની પ્રવેશના ગુજરાત સરકાર દ્વારા નિયત કરેલ અનામતમાં ધોરણોને અનુસરવામાં આવે છે.<br>SC-07%,ST-15%,SEBC-27%,OPEN-50%,(PH-3% માંથી પ્રજ્ઞાચક્ષુ-1%)નિયમ મુજબ દિવ્યાંગ કેટેગરીના ઉમેદવારોએ જે-તે કેટેગરીમાં પ્રવેશ લેવાનો રહેશે. |
| 13. | પ્રશ્ન-13 | બી.એડ્.(ODL)પ્રવેશ જાહેરાત સામાન્ય રીતે ક્યાં મહિનામાં આવે છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) પ્રવેશ જાહેરાત સામાન્ય રીતે ઓગસ્ટ - સપ્ટેમ્બર મહિનામાં આવે છે. |
| 14. | પ્રશ્ન-14 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રવેશ પરીક્ષાનું માળખું કેવું હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રવેશ પરીક્ષાના પ્રશ્નપત્રનું 150 ગુણનું માળખું નીચે મુજબ છે<br>1.સામાન્ય અંગ્રેજી અર્થગ્રહણ -10 ગુણ<br>2.તાર્કિક અને પૃથ્થકરણીય કાર્યકારણ સબંધ-20 ગુણ<br>3.શૈક્ષણિક અને સામાન્ય સચેતતા -35<br>4.અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અને શાળા-35<br>વિષય પદ્ધતિઓ- નીચે માંથી ગમે તે એક વિષય પસંદ કરી નીચે મુજબ તમને લાગુ પડતા વિષયમાં 50 ગુણની પરીક્ષા આપવાની હોય છે. |

| | | |
|---|---|---|
| | | 1 વિજ્ઞાનસમાજ અને ટેકનોલોજી 2 ગણિત 3 સામાજિક વિજ્ઞાન 4 અંગ્રેજી 5 હિન્દી 6 ગુજરાતી 7 સંસ્કૃત 8 વાણિજ્ય વ્યવસ્થા 9 નામના મૂળતત્વો 10 મનોવિજ્ઞાન |
| 15. | પ્રશ્ન-15 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રવેશ પરીક્ષામાં વિષય પદ્ધતિ કેવી રીતે પસંદ કરવાની હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રવેશ પરીક્ષામાં વિષય પદ્ધતિ પસંદ કરવા માટે ઉમેદવારે પોતાની સ્નાતક પદવીના મુખ્ય વિષય તરીકે પ્રથમ પદ્ધતિ પસંદ કરવાની હોય છે દા.ત.B.A.માં મુખ્ય વિષય તરીકે ગુજરાતી હોય તો પરીક્ષા ગુજરાતી વિષયની આપવાની રહેશે. |
| 16. | પ્રશ્ન-16 | બી.એડ્.(ODL)અભ્યાસક્રમ પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે પ્રવેશની પ્રક્રિયા કેવી રીતે કરવાની હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL)અભ્યાસક્રમ પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે સૌ યુનિવર્સિટીની www.baou .edu.in પરથી પ્રથમ ઓન લાઈન પીન નંબર લઈ ફોર્મ ફી રૂ.700/- ઓન લાઈન ભરવાની રહેશે ત્યારબાદ 24 કલાક પછી ફોર્મ ભરવા માટે પીન નંબર નાખી ફોર્મ ભરવાનું રહેશે. |
| 17. | પ્રશ્ન-17 | બી.એડ્.(ODL)અભ્યાસક્રમમાં પ્રવેશ ફોર્મની એન્ટ્રી ક્યાં બ્રાઉઝરમાં કરવાની હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL)અભ્યાસક્રમમાં પ્રવેશ ફોર્મની એન્ટ્રી mozila બ્રાઉઝરમાં કરવાની હોય છે. |
| 18. | પ્રશ્ન-18 | બી.એડ્.(ODL)અભ્યાસક્રમમાં પ્રવેશ ફોર્મની એન્ટ્રીમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ જણાય તો ઉકેલ મેળવવા શું કરવું જોઈએ ? |
| | જવાબ | બી.એડ્.(ODL)અભ્યાસક્રમમાં પ્રવેશ ફોર્મની એન્ટ્રીમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ જણાય તો ઉકેલ મેળવવા edu@baou.edu.in પર સ્ક્રીન શોર્ટ લઈ ,મોબાઈલ નંબર ,યુઝર નેમ અને પાસવર્ડ સાથે મેલ કરવો. |
| 19. | પ્રશ્ન-19 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમના પ્રવેશ ફોર્મ સાથે ક્યાં-ક્યાં પ્રમાણપત્ર જોડવાના હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમના પ્રવેશ ફોર્મ સાથે શાળા છોડયાનું પ્રમાણપત્ર, NCTE દ્વારા માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી ઔપચારીક PTC,D.ED.,D.EI.ED.,C.P.ED., B.P.ED., (Face to Face Mode) અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તેનું પ્રમાણપત્ર,દિવ્યાંગ ઉમેદવારે સિવિલ સર્જનનું વધુમાં વધુ 60% દિવ્યાંગતા ધરાવતા હશે તે જ મેરીટના આધારે પ્રવેશપાત્ર ગણાશે,UGC સ્નાતક અને અનુસ્નાતક પદવીની માર્કશીટ અને પ્રમાણપત્ર જોડવા.જાતિનું પ્રમાણપત્ર (SC/ST),SEBCચાલુ વર્ષ ની 31,માર્ચ પછી પ્રમાણપત્ર જોડવાનું રહેશે અને જે ઉમેદવાર પાસે ત્રણ વર્ષની સમય મર્યાદાવાળું ક્રીમીલીયેર હોય તેઓએ ફોર્મ -16 જોડવું ફરજીયાત છે. જે ઉમેદવારે આ પ્રમાણપત્રો પ્રવેશ ફોર્મ સાથે જોડેલ નહી હોય તો SEBC કેટેગરીમાં પ્રવેશથી વંચિત રહેશે. શાળાના અનુભવનું તાજેતરનું પ્રમાણપત્ર,પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ્સ,આધારકાર્ડની નકલ. |
| 20. | પ્રશ્ન-20 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમના પ્રવેશ ફોર્મની હાર્ડ કોપી ક્યાં જમા કરાવવાની હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમના પ્રવેશ ફોર્મની હાર્ડ કોપીમાં પ્રમાણપત્રોની પ્રમાણિત કરેલી અને જરૂરી સહી/સિક્કા સાથે અને પ્રવેશ ફોર્મ જમા કરાવવાની સમય મર્યાદા સુધી યુનિવર્સિટી ખાતે રજીસ્ટર એડી.થી પ્રવેશ વિભાગમાં જમા કરાવવાનું હોય છે.<br>સરનામું : ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>જ્યોતિર્મય પરિસર ,બાલાજી મંદિર સામે,સરખેજ –ગાંધીનગર હાઈવે,છારોડી,અમદાવાદ-38 24 81 |
| 21. | પ્રશ્ન-21 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષામાં ઉતિર્ણ થવાનું ધોરણ શું છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષાનું ઉતીર્ણ થવાનું ધોરણ 40%(150 માંથી 60 ગુણ મેળવવાના )રહેશે. |
| 22. | પ્રશ્ન-22 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમના પ્રવેશ માટે દિવ્યાંગ ઉમેદવારની દિવ્યાંગતા કેટલા ટકા હોવી જોઈએ.? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમના પ્રવેશ માટે દિવ્યાંગ ઉમેદવારની દિવ્યાંગતા 40%થી 60% હોય તો જ તે મેરીટના આધારે પ્રવેશપાત્ર ગણાશે. |
| 23. | પ્રશ્ન-23 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રવેશ પરીક્ષામાં બેસવા માટે ક્યાં આધાર પુરાવા લઈ જવાના હોય છે ? |

| | | |
|---|---|---|
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રવેશ પરીક્ષામાં બેસવા માટે તમારો એપ્લીકેશન નંબરથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ - www .baou.edu.in પરથી હોલ ટીકીટ ડાઉનલોડ કરવાની રહેશે તે સાથે રાખવાની રહેશે અને આધારકાર્ડ(કોઈ પણ ફોટો આઈડી) આ હોલ ટીકીટ મેરીટમાં આવ્યા બાદ પ્રવેશ સમયે પણ ફરજીયાત સાથે લાવવાની રહેશે. ટૂકમાં હોલ ટીકીટ અને કોઈ પણ ફોટો આઈડી સાથે રાખવા ફરજીયાત છે અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. |
| 24. | પ્રશ્ન-24 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં મેરીટના ધોરણે પ્રવેશ દસ અભ્યાસ કેન્દ્રો પર કેવી રીતે આપવામાં આવે છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં મેરીટના ધોરણે પ્રવેશ દસ અભ્યાસ કેન્દ્રો પર અનામતના ધોરણોને ધ્યાનમાં લઈ એક અભ્યાસ કેન્દ્ર પર 55 બેઠકો (દરેક અભ્યાસકેન્દ્ર -55 x10 =550) મુજબ ઉમેદવારોની ફાળવણી કરવામાં આવે છે. |
| 25. | પ્રશ્ન-25 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં એકવાર ફી ભર્યા બાદ ફી પરત મેળવી શકાય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં એકવાર ફી ભર્યા બાદ ફી પરત મેળવવાની જોગવાઈ નથી પરતું જો કોઈ પ્રશિક્ષણાર્થી ચાલુ અભ્યાસે મૃત્યુ પામે અને યુનિવર્સિટીને જાણ કરવામાં આવે અને જરૂરી આધાર-પુરાવા જમા કરાવે તો આવા સંજોગોમાં ફી પરત કરી શકાય છે. |
| 26. | પ્રશ્ન-26 | બી.એડ્.(ODL) જે-તે પર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યા બાદ અભ્યાસકેન્દ્ર બદલવાની જોગવાઈ છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં જે-તે પર પ્રવેશ મેળવ્યા બાદ અભ્યાસકેન્દ્ર બદલવાની જોગવાઈ નથી કારણકે મેરીટના આધારે ઉમેદવારને પ્રવેશ મળે છે અને કાઉન્સિલના નિયમ મુજબ એક અભ્યાસ કેન્દ્ર પર નિયત કરેલ સંખ્યા મુજબ પ્રવેશ આપવાનો હોય છે.અને કોઈ પણ સંજોગોમાં અભ્યાસ કેન્દ્ર બદલી આપવામાં આવતું નથી. |
| 27. | પ્રશ્ન-27 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષાનું પરિણામ કઈ રીતે જાહેર કરવામાં આવે છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષાનું પરિણામ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ – www .baou.edu.in પર મેરીટ અને કટ ઓફ મેરીટ જાહેર કરવામાં આવે છે.ઉમેદવારને વ્યક્તિગત પરિણામની જાણ કરવામાં આવતી નથી. |
| 28. | પ્રશ્ન-28 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમના પ્રવેશ રીઝલ્ટ અને કટ ઓફમાં આવ્યા બાદની પ્રક્રિયા શું છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમના પ્રવેશ મેરીટ અને કટ ઓફમાં આવ્યા બાદ યુનિવર્સિટી દ્વારા કોલ લેટર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવા માટે મેરીટમાં આવેલ ઉમેદવારોને મેસેજ દ્વારા જાણ કરવામાં આવે છે કોલ લેટરમાં સ્થળ,સમય સાથે લાવવાના પ્રમાણપત્રની યાદી ફીની વિગતો વગેરેનો ઉલ્લેખ કરવામાં આવે છે. |
| 29. | પ્રશ્ન-29 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં મેરીટના આધારે પ્રવેશ પ્રક્રિયામાં ક્યારે અને ક્યાં પ્રમાણપત્રો લઈને આવવાના હોય છે ? |
| | જવાબ | મેરીટના આધારે પ્રવેશ પ્રક્રિયા ત્રણ દિવસ ચાલતી હોય છે જેમાં મેરીટ અને કટ ઓફને ધ્યાને રાખી ક્રમ મુજબ યાદી તૈયાર કરી તેને સંખ્યા પ્રમાણે ત્રણ દિવસ દરમ્યાન બોલાવવા માટે www.baou.edu.in પર કોલ લેટર ડાઉનલોડ માટે મુકવામાં આવે છે જેમાં તમારો પ્રવેશ ફોર્મનો એપ્લીકેશન નંબર નાખીને આગળની પક્રિયા પૂર્ણ કરવાની હોય છે.<br>પ્રવેશ પ્રક્રિયામાં નીચે મુજબના અસલ પ્રમાણપત્રો સાથે રાખવા. શાળા છોડયાનું પ્રમાણપત્ર, NCTE દ્વારા માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી ઔપચારીક PTC,D.ED.,D.EI.ED.,C.P.ED., B.P.ED., (Face to Face Mode) અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તેનું પ્રમાણપત્ર,દિવ્યાંગ ઉમેદવારે સિવિલ સર્જનનું વધુમાં વધુ 60% દિવ્યાંગતા ધરાવતા હશે તે જ મેરીટના આધારે પ્રવેશપાત્ર ગણાશે,UGC સ્નાતક અને અનુસ્નાતક પદવીની માર્કશીટ અને પ્રમાણપત્ર જોડવા.જાતિનું પ્રમાણપત્ર (SC/ST),SEBCચાલુ વર્ષ ની 31,માર્ચ જે-તે વર્ષ પછી પ્રમાણપત્ર જોડવાનું રહેશે અને જે ઉમેદવાર પાસે ત્રણ વર્ષની સમય મર્યાદાવાળું ક્રીમીલીયેર હોય તેઓએ ફોર્મ -16 જોડવું ફરજીયાત છે.જો આ પ્રમાણપત્રો પ્રવેશ ફોર્મ સાથે જોડેલ નહી હોય તો SEBC કેટેગરીમાં પ્રવેશથી વંચિત રહેશો.તા.01-11- જે-તે વર્ષ લાગુ પડતું હોય શાળાના અનુભવનું તાજેતરનું પ્રમાણપત્ર,પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ્સ,આધારકાર્ડની નકલ. દરેક પ્રમાણપત્રોની પ્રમાણિત નકલોના બે સેટ સાથે ક્રમ મુજબ ગોઠવીને રાખવા.(અસલ પ્રમાણપત્રો કોઈ જગ્યાએ નોકરી માટે જમા કરાવ્યા હોય તો તેની પહોચ અવશ્ય સાથે લાવવાની રહેશે. |
| 30. | પ્રશ્ન-30 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમ વિષય પદ્ધતિ કઈ રીતે પસંદ કરવાની હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમ દરેક પ્રશિક્ષણાર્થીએ બે વિષય પદ્ધતિ ભણવાની હોય છે એક વિષય પદ્ધતિ જયારે પ્રશિક્ષણાર્થી પ્રવેશ પરીક્ષામાં જે વિષયની પરીક્ષા આપે છે તે તેની પ્રથમ વિષય પદ્ધતિ છે અને જયારે ઉમેદવાર મેરીટ મુજબ પ્રવેશ માટે આવે છે ત્યારે સ્નાતકકક્ષાએ ગોણ વિષય ભણ્યા હોય તે બીજા વિષય તરીકે પસંદ કરવાનો હોય છે. |

| | | |
|---|---|---|
| 31. | પ્રશ્ન-31 | બી.એડ્.(ODL) સપૂર્ણ અભ્યાસક્રમની ફી કઈ રીતે ભરવાની હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) સપૂર્ણ અભ્યાસક્રમની ફી પ્રવેશ મળ્યા બાદ એક સાથે ઉમેદવાર દીઠ- 20,000/- ક્રેડીટ કાર્ડ /ડી.ડી.થી ભરી શકાશે. પ્રવેશ સમયે રૂબરૂમાં ( ડી.ડી. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નામનો લાવવાનો રહેશે.) |
| 32. | પ્રશ્ન-32 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની ફી ભર્યા બાદ કઈ પ્રક્રિયા કરવાની હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમની ફી ભર્યા બાદ ફીની બે પહોચ આપવામાં આવશે જેમાં 1.વિદ્યાર્થીની અને 2.યુનિવર્સિટીની જે પૈકી યુનિવર્સિટીની પહોચ અભ્યાસક્રમના પુસ્તકો લેવા માટેના ગોડાઉનમાં જમા કરાવવાની હોય છે પુસ્તકોનું ગોડાઉન યુનિવર્સિટીમા જ છે. |
| 33. | પ્રશ્ન-33 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યા બાદ અભ્યાસકેન્દ્ર પર ક્યારે જવાનું હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યા બાદ અભ્યાસકેન્દ્ર પર યુનિવર્સિટીએ આપના નામની યાદી મોક્લેથી અભ્યાસકેન્દ્ર દ્વારા યોજવામાં આવેલ પરિચય બેઠક ગોઠવીને પ્રશિક્ષણાર્થી જાણ કરશે. |

## વિભાગ-2 બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યા પછીના પ્રશ્નો

| ક્રમ | પ્રકાર | વિગત |
|---|---|---|
| 1. | પ્રશ્ન-34 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં કેટલા વિષયો ભણવાના હોય  છે ? ક્યાં-ક્યાં ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં આઠ વિષયો ભણવાના હોય છે જેમાં ત્રણ ફરજીયાત બે  ફાઉન્ડેશન બે વિષય પધ્ધતિઓ અને એક વૈકલ્પિક વિષય<br>જૂથ – A  ફરજીયાત પેપર (Compulsory Paper) (12 ક્રેડીટ =09 સૈધાંતિક + 03 પ્રાયોગિક)<br>ES-101 અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન<br>ES-102 વર્તમાન ભારતમાં શિક્ષણના પરિમાણો<br>ES-103 શિક્ષક  પ્રશિક્ષણ<br>જૂથ – B  વિષય પદ્ધતિ આધારિત પેપર ( MethodRelated Paper ) (08 ક્રેડીટ =06  સૈધાંતિક + 02 પ્રાયોગિક)<br>શાળાના વિષયોમાં મેળવેલી લાયકાત અને શૈક્ષણિક અનુભવને ધ્યાનમાં લઈને નીચેના શાળાકીય વિષયોમાંથી ગમે તે બે વિષય પદ્ધતિ પસંદ કરવાની રહેશે .આ વિષયવસ્તુમાં ગુજરાત સરકારશ્રીના ધોરણ 9 થી 12  ના પ્રવર્તમાન અભ્યાસક્રમનો સમાવેશ થાય છે.<br>ES-111 વિજ્ઞાનનું અધ્યાપન<br>ES-112 ગણિતનું અધ્યાપન<br>ES-113 સમાજીક વિજ્ઞાનનું અધ્યાપન<br>ES-114 અંગ્રેજીનું અધ્યાપન<br>ES-115 હિન્દીનું અધ્યાપન<br>ES-116 ગુજરાતીનું અધ્યાપન<br>ES-117 સંસ્કૃતનું અધ્યાપન<br>ES-118 વાણિજ્યવ્યવસ્થાનું અધ્યાપન<br>ES-119 નામના મૂળતત્વોનું  અધ્યાપન<br>ES-120 મનોવિજ્ઞાનનું  અધ્યાપન<br>જૂથ – C  ફાઉન્ડેશન  પેપર ( Foundation Paper) (8 ક્રેડીટ =06 સૈધાંતિક + 02 પ્રાયોગિક)<br>ES-121 ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ<br>ES-131 શિક્ષણમાં પર્યાવરણ<br>જૂથ – D  વૈકલ્પિક પેપર (Optional Paper) ( 4 ક્રેડીટ =03 સૈધાંતિક + 01પ્રાયોગિક)<br>નીચે આપેલા વિષયો માંથી ગમે તે એક  વિષય પસંદ કરવાનો રહેશે.<br>ES-132 માનવ અધિકારો અને સમુદાય વિકાસ<br>ES-133 માર્ગદર્શન અને સલાહ<br>ES-134 વિશિષ્ટ શિક્ષણ<br>ES-135 સમાવેશક શાળા<br>ES-136 માધ્યમોનો શિક્ષણમાં વિનિયોગ |
| 2. | પ્રશ્ન-35 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં દ્વિતીય વર્ષમાં કેટલા વિષયો ભણવાના હોય  છે ? ક્યાં-ક્યાં? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં આઠ વિષયો ભણવાના હોય છે જેમાં ત્રણ ફરજીયાત બે  ફાઉન્ડેશન બે વિષય પધ્ધતિઓ અને એક વૈકલ્પિક વિષય<br>જૂથ – A  ફરજીયાત પેપર (Compulsory Paper) (12 ક્રેડીટ =09 સૈધાંતિક + 03 પ્રાયોગિક)<br>ES - 201 શૈક્ષણિક પ્રૌધોગિકી અને ICT<br>ES - 202 માપન અને મૂલ્યાંકન<br>ES - 203 અધ્યયન અધ્યાપન સામગ્રી વિકાસ<br>જૂથ – B ફાઉન્ડેશન  પેપર ( Foundation Paper) (8 ક્રેડીટ =06 સૈધાંતિક + 02 પ્રાયોગિક)<br>ES - 221 ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ<br>જૂથ – C વૈકલ્પિક પેપર (Optional Paper) ( 4 ક્રેડીટ =03 સૈધાંતિક + 01પ્રાયોગિક)<br>નીચે આપેલા વિષયો માંથી ગમે તે બે  વિષય પસંદ કરવાનો રહેશે.<br>ES-231 અધિક્ષણ નિરીક્ષણ<br>ES-232 સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ / કન્યા કેળવણી<br>ES-233 સાહિત્ય દ્વારા શિક્ષણ<br>ES-234 દૂરવર્તી શિક્ષણ<br>ES-235 યોગ શિક્ષણ<br>ES-236 ઈ-લર્નિંગ |

| | | |
|---|---|---|
| 3. | પ્રશ્ન -36 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રથમ  વર્ષ દરમ્યાન કેટલા પ્રાયોગિક કાર્યો કરવાના હોય છે.? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પ્રથમ  વર્ષ દરમ્યાન નીચે મુજબ પ્રાયોગિક કાર્યો કરવાના હોય છે<br>ES-141 વર્કશોપ આધારિત પ્રાયોગિક કાર્ય - 2 ક્રેડીટ<br>ES-142 પ્રાયોગિક પાઠ - 4 ક્રેડીટ |
| 4. | પ્રશ્ન- 37 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં દ્વિતીય  વર્ષ દરમ્યાન કેટલા પ્રાયોગિક કાર્યો કરવાના હોય છે.? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં દ્વિતીય  વર્ષ દરમ્યાન નીચે મુજબ પ્રાયોગિક કાર્યો કરવાના હોય છે<br>ES-241 વર્કશોપ આધારિત પ્રાયોગિક કાર્ય - 2 ક્રેડીટ<br>ES-242 પ્રાયોગિક પાઠ - 4 ક્રેડીટ<br>ES-243 શાળા આધારિત પ્રાયોગિક કાર્ય - 4 ક્રેડીટ<br>( શાળા આધારિત પ્રાયોગિક કાર્યમાં 6 - પ્રથમ અને 6 - દ્વિતીય વર્ષમાં પ્રવૃતિઓ કરવાની હોય છે જેનો ઉલ્લેખ વિદ્યાર્થી શિક્ષક હસ્ત પુસ્તિકામાં કરવામાં આવ્યો છે.) |
| 5. | પ્રશ્ન-38 | બી.એડ્.(ODL) અભ્યાસકેન્દ્ર પર વર્ષ દરમ્યાન કેટલા પરામર્શન અને ક્યારે ગોઠવવામાં આવે છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસકેન્દ્ર પર બે વર્ષ દરમ્યાન<br>1.પ્રથમ વર્ષમાં 36 રવિવાર (દરેક રવિવારે ચાર જુદા –જુદા વિષયના પરામર્શન ગોઠવવામાં આવે છે )અને<br>2.દ્વિતીય વર્ષમાં  32 રવિવાર (દરેક રવિવારે ચાર જુદા –જુદા વિષયના પરામર્શન ગોઠવવામાં આવે છે )<br>આ બધા જ પરામર્શન રવિવારના દિવસે જ ગોઠવવામાં આવે છે. |
| 6. | પ્રશ્ન-39 | બી.એડ્.(ODL) અભ્યાસકેન્દ્ર પર  પરામર્શન કેવી રીતે કરાવવામાં આવે છે ? |
| | જવાબ | દૂરવર્તી શિક્ષણમાં પરામર્શન  એટલે દૂરવર્તી અધ્યેતા સ્વ-અધ્યયન  કરવાનું હોય છે તેઓને અભ્યાસક્રમ સામગ્રી યુનિવર્સિટી દ્વારા પૂરી પાડવામાં આવે છે  પરામર્શનનું  સમયપત્રક કાર્યક્રમ માર્ગદર્શિકામાં આપવામાં આવ્યું છે તે મુજબ વિષયોનું એકમ મુજબ વાંચન કરવું અને ના સમજાય તે બાબતોનું  જે-તે પાના પર નોંધ કરવી(પુસ્તકમાં નોંધ માટેની જગ્યા દરેક પેજ પર આપવામાં આવેલ છે )  અને<br>પરામર્શન માટે જયારે અભ્યાસકેન્દ્ર  પર જાવ ત્યારે  તે બાબતોનું સ્પષ્ટિકરણ પરામર્શક પાસે મેળવી શકો છો. |
| 7. | પ્રશ્ન-40 | બી.એડ્.(ODL) અભ્યાસકેન્દ્ર  રહેઠાણથી દૂર  સ્થળે હોય અને અન્ય બી.એડ્.અભ્યાસકેન્દ્ર નજીક હોય તો શું નજીકના   અન્ય બી.એડ્.અભ્યાસકેન્દ્ર પર વાર્ષિક પરામર્શન કરવા માટે જઈ શકાય ? |
| | જવાબ | હા,જઈ શકાય પરંતુ બન્ને અભ્યાસ કેન્દ્રને જાણ કરતી એપ્લીકેશન આપવાની રહેશે કે તમે ક્યાં અભ્યાકેન્દ્ર પર વાર્ષિક પરામર્શન કરશો તેનો અચૂક ઉલ્લેખ કરવાનો રહેશે. |
| 8. | પ્રશ્ન-41 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વર્કશોપ ફરજીયાત હોય છે ? તે કેટલા દિવસોનો હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વર્કશોપમાં 100 % હાજરી ફરજીયાત હોય છે આ અભ્યાસક્રમમાં પ્રાયોગિક કાર્યનું મહત્વ વધારે હોય છે વર્કશોપ પ્રથમ વર્ષમાં 12 દિવસનો અને દ્વિતીય વર્ષમાં 12 દિવસનો હોય છે. |
| 9. | પ્રશ્ન-42 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વર્કશોપ ક્યાં સમય દરમ્યાન ગોઠવવામાં આવે છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વર્કશોપ ઉનાળા વેકેશનમાં પ્રથમ વર્ષમાં-12 અને દ્વિતીય વર્ષમાં -12 દિવસનો હોય છે. |
| 10. | પ્રશ્ન-43 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વર્કશોપ ક્યાં સમય દરમ્યાન ગોઠવવામાં આવે છે તેની જાણ કેવી રીતે કરવામાં આવે છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વર્કશોપ ક્યાં સમય દરમ્યાન ગોઠવવામાં આવે છે તેની જાણ જે અભ્યાસ કેન્દ્ર પર પ્રવેશ મેળવેલ હોય તે અભ્યાસકેન્દ્ર પાસે તમારો ફોન નંબર અને વોટ્સશેપ નંબર  હોય છે તેઓ ગ્રુપમાં કે ફોન દ્વારા વર્કશોપની તારીખ અંગે જાણ કરશે. |
| 11. | પ્રશ્ન-44 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં ક્યાં-ક્યાં પ્રકારના પ્રાયોગિક કાર્યો કરવાના હોય છે ? |

| | | |
|---|---|---|
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વાર્ષિક પરામર્શન દરમ્યાન બે વર્ષની કુલ-12 પ્રવૃતિઓ કરવાની હોય છે પસંદ કરેલ બે વિષય પધ્ધતિઓના માઈક્રો પાઠ,સિમ્યુલેશન,છુટાપાઠ અને એકમપાઠ એમ કુલ-40 પાઠ આપવાના હોય છે |
| 12. | પ્રશ્ન-45 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પસંદ કરેલ બે વિષય પધ્ધતિઓના માઈક્રો પાઠ,સિમ્યુલેશન,છુટાપાઠ અને એકમપાઠ એમ કુલ-40 પાઠ ક્યાં આપવાના હોય છે ? |
| | જવાબ | પસંદ કરેલ બે વિષય પધ્ધતિઓના માઈક્રો પાઠ,સિમ્યુલેશન પાઠ પ્રથમ વર્કશોપમાં આપવાના હોય છે અને છુટાપાઠ અને એકમપાઠ આપની શાળામાં એટલેકે આપ જે શાળામાં નોકરી કરતા હોય તેમાં ધોરણ -8 થી ધોરણ-12 હોય અને જો ન હોય તો આજુ-બાજુની શાળામાં ધોરણ - 8 થી ધોરણ - 12 હોય તો ત્યાં તમે પાઠ આપી શકો છો બીજી ખાસ મહત્વની બાબત એ કે જે શાળામાં પાઠ આપવાના હોય તે શાળાના આચર્યશ્રીની પાઠ આપવાની મંજુરી વાળો પત્ર સહી/સિક્કા સાથે તમે પ્રવેશ મેળવેલ અભ્યાસ કેન્દ્ર પર જમા કરાવવાનો રહેશે. |
| 13. | પ્રશ્ન-46 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પસંદ કરેલ બે વિષય પધ્ધતિઓના માઈક્રો પાઠ,સિમ્યુલેશન,છુટાપાઠ અને એકમપાઠ એમ કુલ-40 પાઠ કેટલા-કેટલા પાઠ આપવાના હોય છે? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પસંદ કરેલ બે વિષય પધ્ધતિઓના માઈક્રોપાઠ અને સિમ્યુલેશન04(04+04 =08 ),છુટાપાઠ-11+11=22 અને એકમપાઠ – 05+05 = 10 એમ કુલ-40 આ સંખ્યા મુજબ પાઠ આપવાના હોય છે. |
| 14. | પ્રશ્ન-47 | શાળા આધારિત પ્રવૃતિઓનું નિયમન/નિરીક્ષણ કોણ કરશે ? |
| | જવાબ | શાળા આધારિત પ્રવૃતિઓનું નિયમન/નિરીક્ષણ મુખ્ય શિક્ષક /આચાર્ય પ્રવૃત્તિઓનું નિયમન અને નિરીક્ષણ કરશે. |
| 15. | પ્રશ્ન-48 | પ્રાયોગિક અધ્યાપનનું નિયમન/નિરીક્ષણ કોણ કરશે ? |
| | જવાબ | પ્રાયોગિક અધ્યાપનનું નિયમન/નિરીક્ષણ બી.એડ્. કોલેજના આચાર્ય /અધ્યાપક ,મુખ્ય શિક્ષક /આચાર્ય કરશે. |
| 16. | પ્રશ્ન-49 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વર્કશોપના દિવસ દરમ્યાન કેટલા સત્ર હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વર્કશોપના દિવસ દરમ્યાન ચાર સત્ર હોય છે. |
| 17. | પ્રશ્ન-50 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વર્કશોપના પ્રત્યેક સત્ર કેટલી મીનીટનું હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વર્કશોપના પ્રત્યેક સત્ર 90 મીનીટનું હોય છે |
| 18. | પ્રશ્ન-51 | માઈક્રો ટીચીગમા કેટલા કૌશલ્યો ભણવાના હોય છે ? ક્યાં-ક્યાં ? |
| | જવાબ | માઈક્રો ટીચીગમા સામાન્ય રીતે ચાર કૌશલ્યો ભણવાના હોય છે<br>1 વિષયાભિમુખ કૌશલ્ય 2 પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય 3 સુદ્રઢીકરણ કૌશલ્ય 4 કા.પા. કૌશલ્ય |
| 19. | પ્રશ્ન-52 | માઈક્રો ટીચીગમા કેટલી મીનીટનું હોય છે ? |
| | જવાબ | માઈક્રો ટીચીગમા 5 થી 7 મીનીટનું હોય છે. |
| 20. | પ્રશ્ન-53 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં વિષય ક્રેડીટ ટ્રાન્સફર)Value- added Course( સુવિધા આપવામાં આવે છે ? ક્યાં-ક્યાં કોર્સમાં આપવામાં આવે છે ? |
| | જવાબ | હા,ડૉ.બાબાસાહેબ આબેડકર ઓપન યુનિવર્સિટીના બે સર્ટીફીકેટ કોર્સમાં આપવામાં આવે છે<br>1 ) CFN CERTIFICATE IN FOOD AND NUTRITION(<br>(આહાર અને પોષણમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમ)<br>2 )CCCD CERTIFICATE IN (CHILD CARE AND DEVIOPMENT |

| | | |
|---|---|---|
| | | (બાળસંભાળ અને વિકાસમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમ) |
| 21. | પ્રશ્ન-54 | આહાર અને પોષણ) CFN CERTIFICATE IN FOOD AND NUTRITION(<br>પ્રમાણપત્ર અભ્યાસક્રમની ફી કેટલી હોય છે ? |
| | જવાબ | આહાર અને પોષણ) CFN CERTIFICATE IN FOOD AND NUTRITION( પ્રમાણપત્ર અભ્યાસક્રમની ફી :ભાઈઓ માટે રૂ 1100 .અને બહેનો માટે રૂ800 . અને સમય અભ્યાસક્રમનો સમયગાળો લઘુતમ 6 –માસ અને મહત્તમ - 2 વર્ષની છે |
| 22. | પ્રશ્ન-55 | આહાર અને પોષણમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમ વિષયો ક્યાં-ક્યાં ભણવાના હોય છે કેટલી ક્રેડીટનો અભ્યાસક્રમ છે ? |
| | જવાબ | આહાર અને પોષણમ1) CFN CERTIFICATE IN FOOD AND NUTRITION(<br>પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં નીચે મુજબના વિષયો ભણવાના હોય છે આ અભ્યાસક્રમ 16 ક્રેડીટનો છે<br>CFN-01 તમે અને તમારો આહાર<br>CFN-02 તમારો આહાર અને તેની ઉપયોગીતા<br>CFN-03 આહારનું અર્થશાસ્ત્ર |
| 23. | પ્રશ્ન-56 | સર્ટીફીકેટ અભ્યાસક્રમમાં કેટલી વયના વ્યક્તિ પ્રવેશ મેળવી શકે છે ? |
| | જવાબ | સર્ટીફીકેટ અભ્યાસક્રમમાં કોઈ શૈક્ષણિક લાયકાત જરૂરી નથી .ગુજરાતી વાંચી ,લખી શકે તેવી 18વર્ષ કે તેથી વધુ વયની કોઈપણ વ્યક્તિ પ્રવેશ લઇ શકશે. |
| 24. | પ્રશ્ન-57 | સર્ટીફીકેટ અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા ક્યાં મહિનામાં થાય છે ? |
| | જવાબ | સર્ટીફીકેટ અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા ફેબ્રુઆરી માસ અને ઓગસ્ટ માસ એમ વર્ષમાં બે વાર થાય છે. |
| 25. | પ્રશ્ન-58 | સર્ટીફીકેટ અભ્યાસક્રમની સમયગાળો કેટલી હોય છે ? |
| | જવાબ | સર્ટીફીકેટ અભ્યાસક્રમનો સમયગાળો લઘુત્તમ 6 –માસ અને મહત્તમ 2– વર્ષ |
| 26. | પ્રશ્ન-59 | ) CCCDCERTIFICATE IN (CHILD CARE AND DEVIOPMENT<br>(બાળસંભાળ અને વિકાસમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમ)ની ફી કેટલી છે ? |
| | જવાબ | ) CCCDCERTIFICATE IN (CHILD CARE AND DEVIOPMENT<br>(બાળસંભાળ અને વિકાસમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમ)ની ફી ભાઈઓ માટે રૂ.1200 અને બહેનો માટે ફી રૂ.900 છે. |
| 27. | પ્રશ્ન-60 | ) CCCDCERTIFICATE IN (CHILD CARE AND DEVIOPMENT<br>(બાળસંભાળ અને વિકાસમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની લાયકાત શું છે ? |
| | જવાબ | બાળસંભાળ અને વિકાસમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની લાયકાત 2+10અથવા સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. |
| 28. | પ્રશ્ન-61 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સ્વાધ્યાયકાર્યો બે વર્ષ દરમ્યાન કેટલા આપવાના હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સ્વાધ્યાયકાર્યો બે વર્ષ દરમ્યાન પ્રથમ વર્ષમાં-8 વિષયના અને દ્વિતીય વર્ષમાં- 5 આપવાના હોય છે<br>જેમાં પ્રશ્ન-1 પ્રયોગાભિમુખ અને પ્રશ્ન-2 અને 3 થીયરી પ્રકારના હોય છે.દરેક પ્રશિક્ષણાર્થીએ વિષય દીઠ બે સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાના હોય છે. |
| 29. | પ્રશ્ન-62 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સ્વાધ્યાયકાર્યો ક્યાં જમા કરાવવાના હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સ્વાધ્યાયકાર્યો જે અભ્યાસકેન્દ્ર પર પ્રવેશ મેળવેલ હોય ત્યાં આપેલ સમય મર્યાદામાં જમા કરાવવાના હોય છે |

| | | |
|---|---|---|
| 30. | પ્રશ્ન-63 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં એક વિષયના સ્વાધ્યાયકાર્યનું ભારાંક કેટલું હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં એક વિષયના સ્વાધ્યાયકાર્યનું ભારાંક ૩૦% હોય છે ? |
| 31. | પ્રશ્ન-64 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં એક વિષયના બે સ્વાધ્યાયકાર્ય કેટલા ગુણના હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં એક વિષયના બે સ્વાધ્યાયકાર્ય 15+15=30 ગુણના હોય છે |
| 32. | પ્રશ્ન-65 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સ્વાધ્યાયકાર્યો કેવા પ્રકારમાં ચોપડામાં લખવામાં આવે છે ? |
| | જવાબ | • બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સ્વાધ્યાયકાર્યો વિષયદીઠ અલગ – અલગ ફૂલસ્કેપ ચોપડામાં તૈયાર કરવા અને ચોપડા પર આપનો નોંધણી નંબર ,નામ અને પૂરું સરનામું વગેરે વિગતો પ્રથમ પેજ પર લખવું ફરજીયાત છે. |
| 33. | પ્રશ્ન-66 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સ્વાધ્યાયકાર્યો લખાય ગયા પછી અભ્યાસકેન્દ્ર પર કઈ રીતે જમા કરાવવાના હોય છે ? |
| | જવાબ | તમારા સ્વાધ્યાયકાર્યો તમામ બી.એડ્ .અભ્યાસ કેન્દ્રના કો–ઓર્ડીનેટરને નિયત સમયમાં રૂબરૂ કે રજીસ્ટર ટપાલથી જમા કરવાના રહેશે. આ દરેક સ્વાધ્યાયકાર્યની એક કોપી પોતાની પાસે ઝેરોક્ષ કરાવીને રાખવી હિતાવહ છે. |
| 34. | પ્રશ્ન-67 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સત્રાંત પરીક્ષા ક્યારે લેવામાં આવે છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સત્રાંત પરીક્ષા ડીસેમ્બર-જાન્યુઆરીમાં લેવામાં આવે છે ? |
| 35. | પ્રશ્ન-68 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સત્રાંત પરીક્ષામાં બેસવા માટે કઈ ત્રણ બાબતોનું પાલન કરવાનું હોય છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સત્રાંત પરીક્ષામાં બેસવા માટે નીચે મુજબ ત્રણ બાબતોનું પાલન કરવાનું હોય છે<br>(1)આપે નિર્ધારિત પાઠ્યક્રમ પસંદ કરલો અને તેયાર કરેલો હોવો જોઈએ.<br>(2)જે તે વિષયના સ્વાધ્યાય કાર્ય સમયસર અભ્યાસ કેન્દ્રો પર જમા કરેલ હોવા જોઈએ.<br>(3)આપે સમયસર સત્રાંત પરીક્ષાનું આવેદનપત્ર ઓનલાઈન ભરીને તેની હાર્ડ કોપી આપના પસંદ કરેલ અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાની રહેશે .તેમજ આ પરીક્ષા માટે કોઈ અલગથી ફી ભરવાની હોતી નથી .પરીક્ષાના ફોમ ભરવાની છેલ્લી તારીખ પછી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થામાં લેટ ફી ભરવાની રહેશે .તાલીમાર્થીએ પરીક્ષાના સમયપત્રકની નકલ અને હોલ ટીકીટ પોતાનો નોંધણી નંબર ચોક્સાઈપૂર્વક લખીને નકલ મેળવી લેવી. આપનો નોંધણી નંબર આપનો પરીક્ષા નંબર રહેશે અને આ બાબતે કોઈ મુશ્કેલી હોય તો તાત્કાલિક અભ્યાસકેન્દ્ર / યુનિવર્સિટીનો સંપર્ક કરવો. |
| 36. | પ્રશ્ન-69 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સત્રાંત પરીક્ષા માટે કેટલું ભારાંક રાખવામાં આવ્યો છે ? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સત્રાંત પરીક્ષા માટે 70% ભારાંક રાખવામાં આવ્યો છે સત્રાંત પરીક્ષા વર્ષમાં એક વાર લેવામાં આવે છે. |
| 37. | પ્રશ્ન-70 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પૂર્ણ રીતે ઉત્તીર્ણ થવા માટે સમગ્ર સરાસરી ઓછામાં ઓછો કયો ગ્રેડ પ્રાપ્ત કરવાનો રહેશે? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં પૂર્ણ રીતે ઉત્તીર્ણ થવા માટે સમગ્ર સરાસરી ઓછામાં ઓછો B ગ્રેડ પ્રાપ્ત કરવાનો રહેશે. |

| | | |
|---|---|---|
| 38. | પ્રશ્ન-71 | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સતત અને સત્રાંત પરીક્ષાના ઘટકો માટે કયો પોઈન્ટ ગ્રેડ પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે? |
| | જવાબ | બી.એડ્.(ODL) અભ્યાસક્રમમાં સતત અને સત્રાંત પરીક્ષાના ઘટકો માટે UGC માન્ય 10ગ્રેડ પોઈન્ટ ગ્રેડ પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. |